| | | | |
|---|---|---|---|
| રજુ કર્યાતારીખ : | ૦૩/૧૦/૨૦૦૮ | | |
| દાખલ તારીખ : | ૦૩/૧૦/૨૦૦૮ | | |
| ફેંસલ તારીખ : | ૧૩/૧૧/૨૦૧૮ | | |
| સમય મર્યાદા : | વર્ષ | માસ | દિવસ |
| | ૧૦ | ૦૧ | ૧૦ |

**વડોદરાનાં મહે.૧૪ માં એડી. સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. વડોદરા.**

**<u>સ્પે. સીવીલ સ્યુટ નં.૪૯૧/૨૦૦૮</u>**
**<u>આંક : ૩૫</u>**

**<u>વાદી</u> :–**

ગુજરાત રાજય વન વિકાસ નિગમ લી. એ નામની
કંપનીઝ એકટ હેઠળ નોંધાયેલ કંપની,
રજી. ઓફીસ : “વનગંગા” ૭૮ અલકાપુરી,
વડોદરા, તા.જી.વડોદરા.

**––– <u>વિરૂધ્ધ</u> –––**

**<u>પ્રતિવાદી</u> : –**

શ્રી તૈયબઅલી અકબરઅલી ઘડાવાલા
રહે. મુ. પો. દેવગઢબારીયા, તા. દેવગઢબારીયા,
જી. દાહોદ

<u>બાબત</u>:– <u>દાવો રૂા.૬,૭૯,૧૬૯–૦૦ નાં આંકથી વસુલ લેવા બાબત</u>

---

વાદી તરફે વિ.વકીલ શ્રી એન.કે. પરીખ,
પ્રતિવાદી તરફે કોઈ નહી. (એકતર્ફી)

---

## // ચુ કા દો //

(૧) વાદીએ હાલનો દાવો રૂા.૬,૭૯,૧૬૯/– નાં આંકથી પ્રતિવાદી પાસેથી રકમ વસુલ લેવા માટે દાખલ કરેલો છે. વાદીના દાવાની ટૂંકમાં હકીકત હકીકત એવી છેકે, વાદી ગુજરાત રાજય વન વિકાસ નિગમ લી. એ ઈન્ડીયન કંપનીઝ એકટ હેઠળ નોંધાયેલી કંપની છે, અને ગુજરાત સરકારનું એક સાહસ છે, તેમજ વાદી કંપની પાસે એકટ મુજબ કેટલીક પેદાશોનો વેપાર કરવાના સંપૂર્ણ અધિકારો આપવામાં આવેલા છે, તે મુજબ વાદી જુદા જુદા ગૌણવન પેદાશો આદિવાસીઓ તથા ઈતર જાતિઓ પાસેથી એકત્રીત કરાવી જરુરીયાતવાળા વેપારીઓને તેમની માંગણી મુજબ ટેન્ડર ધ્વારા વેચાણ આપે છે. વધુમાં વાદીનાં દાવા મુજબ આ કામના પ્રતિવાદી મહુડાના ફુલ જેવી વન પેદાશોનો વેપાર કરે છે, અને તેઓ વાદી નિગમ પાસેથી વનપેદાશની ખરીદી કરે છે, તેમજ વાદી નિગમ ધ્વારા સને–૨૦૦૭ ની મોસમમાં એકત્ર કરવામાં આવેલા મહુડાના ફુલના જથ્થાનુ વેચાણ કરવા અંગે તા.૨૬/૪/૨૦૦૭ ના રોજ એક જાહેર વિજ્ઞપ્તિ બહાર પાડેલી અને જે હેઠળ વિવિધ સ્થળોએ સંગ્રહ કરેલ મહુડા ફુલનો જથ્થો વેચાણમાં મુકેલો, અને મહુડા ફુલનો જથ્થો ખરીદવા ઈચ્છતી વ્યકિત પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરની માંગણી કરવામાં આવી હતી, તે અંગે પ્રતિવાદીએ બારીયા ડિવીઝનના સાગટાળા ગોડાઉન ખાતેનો મહુડા ફુલનો જથ્થો ખરીદવાનુ ટેન્ડર ભરેલુ, ત્યારબાદ, તમામ વેપારીઓ

ની હાજરીમાં ટેન્ડરો ખોલવામાં આવેલા, પરંતુ, ટેન્ડરોમાં યોગ્ય ભાવની માંગણી આવેલ નહી હોવાથી તાત્કાલીક હાજર રહેલા વેપારીઓની રુબરુમાં જાહેર હરાજીમાં પ્રતિવાદીની બોલી સૌથી ઉંચા ભાવની હોવાથી વાદી નિગમે પ્રતિવાદીની માંગણી મંજુર કરેલી, અને પ્રતિવાદીએ ટેન્ડર નોટીસમાં દર્શાવેલ શરતો કબુલ રાખેલ હતી.

**૧(૧)** વધુમાં વાદીનાં દાવા મુજબ પ્રતિવાદીએ ટેન્ડરની શરતો મુજબ રૂપિયા એક લાખ અર્નેસ્ટ મની તરીકે જમા કરાવેલા અને તે અંગેનો હુકમ પ્રતિવાદીને આપવામાં આવેલા, તેમજ વેચાણ હુકમ મુજબ પ્રતિવાદીએ સોદા પેટેની માલની તમામ રકમ વેચાણની તારીખથી એટલે કે, તા.૧૦/૫/૨૦૦૭ થી ૧૫ દિવસમાં પુરેપુરી જમા કરાવીને સમયમર્યાદામાં તમામ માલની ડીલેવરી વાદી નિગમ પાસેથી લેવાની હતી, પરંતુ, પ્રતિવાદીએ ટેન્ડરની તથા વેચાણ હુકમની શરતો મુજબ વર્તન કરેલ નહી અને જણાવેલ મુદતમાં પ્રતિવાદીએ માલની બાકીની રકમ ભરીને માલની ડીલેવરી લીધેલી નહી, તેમજ વાદી તરફથી પ્રતિવાદીને પત્રો લખીને ટેન્ડર નોટીસની શરતો મુજબ વિલંબીત સમયનું વ્યાજ તથા ગોડાઉન ભાડાની રકમ ભરીને માલની ડીલેવરી લેવા જણાવેલુ, તેમછતા પ્રતિવાદીએ માલની રકમ જમા કરાવી ડિલીવરી લેવા કોઈ તજવીજ કરેલી નહી, જેથી વાદી નિગમે તા.૨૪/૪/૦૮ નો ઠરાવ કરી પ્રતિવાદીએ ભરેલ અર્નેસ્ટ મની રકમ ખાલસા કરી પ્રતિવાદીનાં ખર્ચે અને જોખમે સદર માલ ફેરવેચાણ કરવાનુ ઠરાવવામાં આવ્યુ હતુ, જે ઠરાવની નકલ પ્રતિવાદીને મળવા છતાં તેઓએ માલની કિંમત તેમજ શરતો મુજબ ભરવાની થતી રકમો ભરીને માલની ડિલીવરી લીધી નહી હોવાથી વાદી નિગમે સદરહુ માલ પ્રતિવાદીના ખર્ચે અને જોખમે ફેરવેચાણ કરવો પડયો હતો, તે અંગેનાં ટેન્ડરો મંગાવી, પ્રોસીઝર કરવામાં આવેલી, જેમાં માલનાં ભાવમાં ઘટાડો થતા, ફેરવેચાણ માં સદર માલની વેચાણ કિંમત પ્રતિ કવીન્ટલે રૂા.૪૦૦/- ઉપજેલ હતી. વધુમાં

વાદીનાં દાવા મુજબ વાદી નિગમે પ્રતિવાદીને સદર માલ પ્રતિ કવીન્ટલ રૂા.૧૭૨૧/ નાં ભાવથી વેચાણ આપેલો, જેથી કુલ–૫૦૦ કવીન્ટલ માલનાં પ્રતિવાદી પાસેથી વાદી નિગમે રૂા.૮,૬૦,૦૦૦/– લેવાના થતા હતા, તેની સામે વાદી નિગમને માલનું ફેરવેચાણમાં ફકત રૂા.૨,૦૦,૦૦૦/– મળેલા, જેથી વાદી નિગમને રૂા.૬,૬૦,૦૦૦/– નું નુકશાન થયેલુ, તેમજ વાદી નિગમ પ્રતિવાદી પાસેથી ટેન્ડરની શરતો મુજબ વિલંબીત વ્યાજ લેવા હકકદાર છે, તેમજ ગોડાઉન ભાડાની રકમ મળી, પ્રતિવાદી રૂા.૭,૫૭,૯૦૦/– ચુકવવા જવાબદાર થાય છે, તેમજ ડીપોઝીટની રકમ બાદ કરતા, વાદીનાં પ્રતિવાદી પાસે રૂા.૬,૫૭,૯૦૦/– બાકી પડે છે, તેમજ ૧૦ટકા વ્યાજ ની રકમ મળી કુલ રૂા.૬,૭૯,૧૬૯/– વાદી નિગમ પાસે બાકી પડતા હોય, વાદીએ હાલનો દાવો દાખલ કરી, પેરા–૧૬ મુજબ પ્રતિવાદી પાસેથી રૂા.૬,૭૯,૧૬૯/– વસુલ અપાવવા અને દાવા તારીખથી વસુલ થતા સુધી ૧૫ટકા લેખે વ્યાજ વસુલ અપાવવાની માંગણી કરેલ છે.

(૨) આ કામે આ અદાલત તરફથી પ્રતિવાદીને દાવાનો સમંસ ઈસ્યુ કરતા, પ્રતિવાદીને દાવાનો સમંસ રજી.પોસ્ટ એડી.થી બજી ગયેલ છે, તેમછતાં, પ્રતિવાદી તરફથી કોઈ હાજર થયેલ નથી. આમ, પ્રતિવાદીને દાવાનો સમંસ ધારાસર બજી ગયેલ હોવાછતાં, પ્રતિવાદી આ અદાલત સમક્ષ હાજર થયેલ નહોય, તા.૫/૭/૧૮ નાં રોજ આંક–૧ લગત થયેલ હુકમ મુજબ સદર દાવો પ્રતિવાદી વિરુધ્ધ એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલો. આમ, આ કામે પ્રતિવાદી તરફથી કોઈ જવાબ રજુ કરેલ નથી કે પ્રતિવાદી તરફથી વાદીનાં દાવાની હકીકતોને પડકારેલ નથી.

(૩) આ કામે વાદીના દાવાની તથા તમામ હકીકતોને ધ્યાને લઈ, નીચે મુજબના મુદ્દાઓ આંક–૯ થી ઉપસ્થિત કરેલ છે.

**મુદદા**

1. Whether the plaintiff proves that, he is entitled to recover Rs.6,79,169/- from the defendant ?
2. Whether the plaintiff proves that, he is entitled to get interest 15% p.a. on suit amount ?
3. Whether the suit is barred by law of limitation ?
4. Whether the plaintiff is entitled to get the relief as prayed for ?
5. What order and decree ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર નીચે મુજબ આપવામાં આવેલ છે.

(૧) હકારમાં
(૨) અંશત: હકારમાં
(૩) નકારમાં
(૪) અંશત: હકારમાં
(૫) આખરી હુકમ મુજબ.

**(૫)** આ કામે વાદી તરફે તેના દાવાના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવોઃ**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૩ | વાદી તરફે સાહેદ યોગેશકુમાર રમણલાલ પરીખનું સરતપાસનું સોગંદનામુ |

**દસ્તાવેજી પુરાવાઃ**

| અનુ નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી નિગમે મહુડા ફુલવેચવા માટે બહાર પાડેલ વિજ્ઞપ્તિની સ્થળપ્રત | ૧૫ |

| | | |
|---|---|---|
| ૨. | પ્રતિવાદીએ વાદી નિગમમાં ટેન્ડર સાથે મોકલેલ અસલ શરતો | ૧૬ |
| ૩. | પ્રતિવાદીએ વાદી નિગમમાં ખુલ્લી હરાજી માટે ભરેલ માંગણીની વિગત દર્શાવતુ અસલ પત્રક | ૧૭ |
| ૪. | વાદી નિગમે પ્રતિવાદીની તરફેણમાં મહુડા ફુલ વેચવા બાબતે આપેલ વેચાણ હુકમની સ્થળપ્રત | ૧૮ |
| ૫. | વાદી નિગમના બારીયા ડિવીઝન ઓફીસના ડિવીઝનલ મેનેજરશ્રીએ પ્રતિવાદીને લખેલ પત્રની સ્થળપ્રત | ૧૯ |
| ૬. | વાદીની નોટીસનો પ્રતિવાદીએ આપેલ જવાબની નકલ | ૨૦ |
| ૭. | વાદી નિગમના બારીયા ડિવીઝન ઓફીસના ડિવીઝનલ મેનેજરશ્રીએ પ્રતિવાદીને લખેલ પત્રની સ્થળપ્રત | ૨૧ |
| ૮. | વાદી નિગમના બારીયા ડિવીઝન ઓફીસના ડિવીઝનલ મેનેજરશ્રીએ પ્રતિવાદીને લખેલ પત્રની સ્થળપ્રત | ૨૨ |
| ૯. | વાદી નિગમના બારીયા ડિવીઝન ઓફીસના ડિવીઝનલ મેનેજરશ્રીએ પ્રતિવાદીને લખેલ પત્રની સ્થળપ્રત | ૨૩ |
| ૧૦. | વાદી નિગમના બારીયા ડિવીઝન ઓફીસના ડિવીઝનલ મેનેજરશ્રીએ પ્રતિવાદીને લખેલ પત્રની સ્થળપ્રત | ૨૪ |
| ૧૧. | વાદી નિગમની હેડ ઓફીસના સિનીયર મેનેજરશ્રીએ પ્રતિવાદીને લખેલ પત્રની સ્થળપત્ર | ૨૫ |
| ૧૨. | ઉપરોકત પત્ર પ્રતિવાદીને મળી ગયા બદલ પોસ્ટ ખાતા ધ્વારા આપવામાં આવેલ અસલ એકનોલેજમેન્ટ | ૨૬ |
| ૧૩. | વાદી નિગમે પ્રતિવાદીના ખર્ચે અને જોખમે સદર માલનું વેચાણ કર્યુ તે કચેરી આદેશની ઝેરોક્ષ | ૨૭ |
| ૧૪. | સદર પત્ર પ્રતિવાદીને હાથોહાથ આપવમાં આવ્યો તે અંગેનું અસલ લખાણ | ૨૮ |
| ૧૫. | વાદી નિગમે ફેરવેચાણ અંગે બહાર પાડેલ જાહેર વિજ્ઞપ્તિની સ્થળપ્રત | ૨૯ |
| ૧૬. | ઉપરોકત જાહેર વિજ્ઞપ્તિમાં કરવામાં આવેલ સુધારા અંગેના લખાણની સ્થળપ્રત | ૩૦ |
| ૧૭. | પ્રતિવાદીના ખર્ચે અને જોખમે મેસર્સ બજરંગ માર્બલ એન્ડ કોટા સ્ટોનને કરવામાં આવેલ ફેરવેચાણના હુકમની સ્થળપ્રત | ૩૧ |

| | | |
|---|---|---|
| ૧૮. | વાદીને થયેલી નુકશાનીની રકમ વસુલ મેળવવા પ્રતિવાદીને લખેલ પત્રની સ્થળપ્રત | ૩૨ |
| ૧૯. | વાદી નિગમ ધ્વારા સાહેદ યોગેશકુમાર રમણલાલ પરીખને આપવામાં આવેલ અસલ ઓથોરીટી લેટર | ૩૩ |
| ૨૦. | વાદી તરફે વધુ પુરાવો આપવો નથી, તેવુ કલોઝીંગ પુરશીશ | ૩૪ |

(૬) આ કામે પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેમજ આ કામે પ્રતિવાદીને દાવાનો સમંસ બજવા છતાં, પ્રતિવાદી હાજર થયેલ નથી, તેમજ પ્રતિવાદી તરફથી કોઈ જવાબ રજુ કરેલ નથી. તેમજ વાદીનો પુરાવો રજુ થયા બાદ, પ્રતિવાદી તરફથી વાદી સાહેદની કોઈ ઉલટતપાસ કરેલ નથી. તેમજ પ્રતિવાદી તરફથી કોઈ પુરાવો રજુ કરેલ નથી. આથી, પ્રતિવાદીનાં પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ, વાદીનાં વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોનાં કારણોની ચર્ચા નીચે મુજબ છે.

## કા ર ણો

**મુદા નં.૧, ૨ સાથે**

**૭(૧)** આ બંને મુદ્દાની હકીકતો એકબીજાની સાથે સંકળાયેલ હોય, હકીકતોનું પુનરાવર્તન અટકાવવાનાં હેતુથી બંને મુદ્દાની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**૭(૨)** વાદીએ આ મુદ્દાની હકીકતો પુરવાર કરવા માટે રજુ કરેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં, વાદી સાહેદ નં.૧ યોગેશકુમાર રમણલાલ પરીખ નું સરતપાસનું સોગંદનામુ આંક-૧૩ થી રજુ કરેલ છે, જેમાં વાદીએ તેનાં દાવાની હકીકતોને સમર્થનકારી હકીકતો જણાવેલ છે, તેમજ વાદીએ તેનાં દાવાનાં સમર્થનમાં આંક-૧૫ થી આંક-૩૨ સુધીનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

તેમજ વાદીનાં દાવા તથા મૌખિક પુરાવામાં મુખ્યત્વે જણાવેલ છેકે, વાદી ગુજરાત રાજય વન વિકાસ નિગમ લી. એ ઈન્ડીયન કંપનીઝ એકટ હેઠળ નોંધાયેલી કંપની છે, અને ગુજરાત સરકારનું એક સાહસ છે, તેમજ વાદી કંપની જુદા જુદા ગૌણવન પેદાશો આદિવાસીઓ તથા ઈતર જાતિઓ પાસેથી એકત્રીત કરાવી જરુરીયાતવાળા વેપારીઓને તેમની માંગણી મુજબ ટેન્ડર ધ્વારા વેચાણ આપે છે, તેમજ આ કામના પ્રતિવાદી  મહુડાના ફુલ જેવી વન પેદાશોનો વેપાર કરે છે, અને તેઓ વાદી નિગમ પાસેથી વનપેદાશની ખરીદી કરે છે, તેમજ વાદી નિગમ ધ્વારા સને–૨૦૦૭ ની મોસમમાં એકત્ર કરવામાં આવેલા મહુડાના ફુલના જથ્થાનુ વેચાણ કરવા  અંગે તા.૨૬/૪/૨૦૦૭ ના રોજ એક જાહેર વિજ્ઞપ્તિ બહાર પાડેલી અને મહુડા ફુલનો જથ્થો ખરીદવા ઈચ્છતી વ્યકિત પાસેથી સીલબંધ કવરમાં ટેન્ડરની માંગણી કરવામાં આવી હતી, તે અંગે પ્રતિવાદીએ બારીયા  ડિવીઝનના સાગટાળા ગોડાઉન ખાતેનો મહુડા ફુલનો જથ્થો ખરીદવાનુ ટેન્ડર ભરેલુ, ત્યારબાદ, તમામ વેપારીઓ ની હાજરીમાં ટેન્ડરો ખોલવામાં આવેલા, પરંતુ, ટેન્ડરોમાં યોગ્ય ભાવની માંગણી આવેલ નહી હોવાથી તાત્કાલીક હાજર રહેલા વેપારીઓની રુબરુમાં જાહેર હરાજીમાં પ્રતિવાદીની બોલી સૌથી ઉંચા ભાવની હોવાથી વાદી નિગમે પ્રતિવાદીની માંગણી મંજુર કરેલી, અને  પ્રતિવાદીએ ટેન્ડર નોટીસમાં દર્શાવેલ નિયમો તથા  શરતો કબુલ રાખેલ હોવાનું જણાવેલ છે. જયારે, પ્રતિવાદી તરફથી આ હકીકતોનો ઈન્કાર કરેલ નથી, તેમજ વાદી સાહેદનાં મૌખિક પુરાવાની હકીકતોને પડકારેલ નથી. આ ઉપરાંત, આ અંગે વાદી તરફથી આંક–૧૫ થી મહુડા ફુલ વેચવા માટે બહાર પાડેલ જાહેર વિજ્ઞપ્તીની સ્થળપ્રત તથા આંક–૧૬ થી પ્રતિવાદીએ ભરેલ ટેન્ડર સાથે મોકલેલ શરતો, તથા આંક–૧૭ થી પ્રતિવાદીએ ખુલ્લી હરરાજી માટે ભરેલ પત્રકો તથા આંક–૧૮ થી વાદી નિગમે પ્રતિવાદીની તરફેણમાં મહુડા ફુલ વેચવા બાબતે આપેલ વેચાણ હુકમની સ્થળપ્રત રજુ કરેલ છે. જયારે, પ્રતિવાદી તરફથી

વાદીનાં મૌખિક પુરાવાની તથા દસ્તાવેજી પુરાવાની હકીકતોને પડકારેલ નથી. આથી, વાદી તરફથી રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી. આ ઉપરાંત, વાદી તરફથી રજુ કરેલ ટેન્ડરની શરતો તથા બીડ શીટ તથા અન્ય દસ્તાવેજોમાં પ્રતિવાદીની સહી છે, જે હકીકતોનો પ્રતિવાદી તરફથી ઈન્કાર કરેલ નથી. તેમજ વાદી તરફથી પ્રતિવાદીની તરફેણમાં વેચાણ હુકમ કરેલ છે, જેની નકલ પ્રતિવાદીને મળેલ હોવાનો પ્રતિવાદી તરફથી ઈન્કાર કરેલ નથી. આથી, વાદીનાં સમગ્ર પુરાવાથી પ્રતિવાદીએ વાદી નિગમમાં ટેન્ડર ભરેલુ, અને પ્રતિવાદીનું ટેન્ડર મંજુર કરી, પ્રતિવાદીની તરફેણમાં વેચાણ હુકમ બહાર પાડેલો અને તે મુજબ પ્રતિવાદીએ વાદી નિગમમાં ડીપોઝીટની રકમ ભરપાઈ કરેલ હોવાની હકીકતો પુરવાર થાય છે.

**૭(૩)** વધુમાં વાદી સાહેદ નં.૧ યોગેશકુમાર રમણલાલ પરીખનાંએ તેનાં આંક–૧૩ નાં મૌખિક પુરાવામાં જણાવેલ છેકે, પ્રતિવાદીએ ટેન્ડરની શરતો મુજબ રૂપિયા એક લાખ અર્નેસ્ટ મની તરીકે જમા કરાવેલા અને તે અંગેનો હુકમ પ્રતિવાદીને આપવામાં આવેલા, તેમજ વેચાણ હુકમ મુજબ પ્રતિવાદીએ સોદા પેટેની માલની તમામ રકમ વેચાણની તારીખથી એટલે કે, તા.૧૦/૫/૨૦૦૭ થી ૧૫ દિવસમાં પુરેપુરી જમા કરાવીને સમયમર્યાદામાં તમામ માલની ડીલેવરી વાદી નિગમ પાસેથી લેવાની હતી, પરંતુ, પ્રતિવાદીએ ટેન્ડરની તથા વેચાણ હુકમની શરતો મુજબ વર્તન કરેલ નહી અને જણાવેલ મુદતમાં પ્રતિવાદીએ માલની બાકીની રકમ ભરીને માલની ડીલેવરી લીધેલી નહી, તેમજ વાદી તરફથી પ્રતિવાદીને પત્રો લખીને ટેન્ડર નોટીસની શરતો મુજબ વિલંબીત સમયનું વ્યાજ તથા ગોડાઉન ભાડાની રકમ ભરીને માલની ડીલેવરી લેવા જણાવેલુ, તેમછતા પ્રતિવાદીએ માલની રકમ જમા કરાવી ડિલીવરી લેવા કોઈ તજવીજ કરેલી નહી, જેથી વાદી નિગમે તા.૨૪/૪/૦૮

નો ઠરાવ કરી પ્રતિવાદીએ ભરેલ અર્નેસ્ટ મની રકમ ખાલસા કરી પ્રતિવાદીનાં ખર્ચે અને જોખમે સદર માલ ફેરવેચાણ કરવાનુ ઠરાવવામાં આવ્યુ હતુ, જે ઠરાવની નકલ પ્રતિવાદીને મળવા છતાં તેઓએ માલની કિંમત તેમજ શરતો મુજબ ભરવાની થતી રકમો ભરીને માલની ડિલીવરી લીધી નહી હોવાથી વાદી નિગમે સદરહુ માલ પ્રતિવાદીના ખર્ચે અને જોખમે ફેરવેચાણ કરવો પડયો હતો, તે અંગેનાં ટેન્ડરો મંગાવી, પ્રોસીઝર કરવામાં આવેલી, જેમાં માલનાં ભાવમાં ઘટાડો થતા, ફેરવેચાણ માં સદર માલની વેચાણ કિંમત પ્રતિ કવીન્ટલે રૂા.૪૦૦/– ઉપજેલ હોવાનું જણાવેલ છે. જયારે, પ્રતિવાદી તરફથી વાદી સાહેદનાં મૌખિક પુરાવાની હકીકતોને પડકારેલ નથી. આ ઉપરાંત, વાદી તરફથી આંક–૧૯ થી આંક–૩ર સુધીનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે, જેમાં વાદી નિગમ તરફથી પ્રતિવાદીને માલ ઉપાડવા જાણ કરતા પત્રો તથા પ્રતિવાદીનાં કારણે વાદીને ફેરવેચાણની કાર્યવાહી કરવી પડેલી, તેનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. સદર વાદીનાં પુરાવાથી વિરુધ્ધનો કોઈ પુરાવો પ્રતિવાદી રેકર્ડ ઉપર લાવેલ નથી. તેમજ વાદીએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવાની હકીકતોને પ્રતિવાદીએ પડકારેલ નથી. આથી, વાદીનાં મૌખિક પુરાવાની હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી. આમ, વાદીનાં સમગ્ર પુરાવાથી પ્રતિવાદીએ ટેન્ડરની તથા વેચાણ હુકમની શરતો મુજબ માલનો જથ્થો ઉપાડેલો નહી, તેનાં કારણે વાદી નિગમને નુકશાન થયેલ હોવાનું પુરવાર થાય છે. આ ઉપરાંત, વાદીએ રજુ કરેલ આંક–૧૬ ની શરતોમાં પ્રતિવાદીની સહી છે, જે શરતોનું પાલન કરવા પ્રતિવાદી બંધાયેલ છે, તેમછતાં પ્રતિવાદી તરફથી આ શરતોનું પાલન કરેલ નથી અને માલનો જથ્થો સમયમર્યાદામાં ઉપાડેલ નથી, આથી વાદી શરતો મુજબ પ્રતિવાદી પાસેથી ૧૦ ટકા લેખે વ્યાજ વસુલ મેળવવા હકકદાર બને છે. આ ઉપરાંત, વાદીએ દાવામાં લેણી રકમ ઉપર ૧૫ ટકા વ્યાજની માંગણી કરેલ છે. પરંતુ, આ અંગે વાદી અને પ્રતિવાદી વચ્ચે કોઈ કરાર થયેલ નથી. આથી, વાદીની

વ્યાજની માંગણી વધુ પડતી જણાય છે. પરંતુ, પ્રતિવાદીનાં કારણે વાદી નિગમને નુકશાન થયેલ છે. જેથી, વાદી લેણી રકમ ઉપર હાલનાં બેન્ક રેટ મુજબ વ્યાજ મેળવવા હકકદાર બને છે. આમ, વાદીનાં સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી વાદીનાં દાવાની હકીકતો પુરવાર થાય છે. જેથી, મુદા નં.૧નો જવાબ હકારમાં અને મુદા નં.૨ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવેલ છે.

**<u>મુદા નં.૩</u>**

(૮) આ કામે વાદીનાં દાવા મુજબ દાવાનું કારણ વાદી નિગમ તરફથી માલનું વેચાણ કરવા તા.૨૬/૪/૨૦૦૭ નાં રોજ ટેન્ડરો મંગાવેલા તથા પ્રતિવાદીની તરફેણમાં ટેન્ડર મંજુર થયેલુ અને પ્રતિવાદીએ ડીપોઝીટની રકમ ભરી તથા વેચાણ હુકમ પ્રતિવાદીને તા.૧૪/૫/૨૦૦૭ નાં રોજ આપવામાં આવેલો, તેમજ પ્રતિવાદી તરફથી શરતો મુજબ માલ ઉપાડેલો નહી, ત્યારથી દાવાનું કારણ ઉપસ્થિત થયેલ હોવાનું જણાવેલ છે. જયારે, વાદીએ તેનાં મૌખિક પુરાવાનાં સમર્થનમાં આંક-૧૮ થી વેચાણ હુકમની સ્થળપ્રત તથા આંક-૧૯ થી આંક-૨૬ સુધી વાદી તરફથી પ્રતિવાદીને લખેલા પત્રોની સ્થળપ્રત રજુ કરેલ છે. સદર તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, પ્રતિવાદીનું ટેન્ડર સને-૨૦૦૭ માં મંજુર થયેલુ અને ટેન્ડરની શરતો પ્રતિવાદીએ સને-૨૦૦૭ માં કબુલ રાખેલી, ત્યારબાદ, વાદી તરફથી અવાર નવાર લેખિતમાં જાણ કરવા છતાં, વાદીએ ટેન્ડરની તથા વેચાણ હુકમની શરતોનું પાલન કરેલ નહી. જેથી, વાદીએ હાલનો દાવો નાણા વસુલ મેળવવા સને-૨૦૦૮ માં કરેલ છે. આમ, વાદીએ દાવાનું કારણ ઉપસ્થિત થયાથી ત્રણ વર્ષની સમયમર્યાદામાં હાલનો દાવો દાખલ કરેલ છે. આથી, વાદીએ હાલનો દાવો સમયમર્યાદામાં કરેલ હોવાનું પુરવાર થાય છે. જેથી, વાદીનાં દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાનું પુરવાર થતુ નથી. આથી, મુદા નં.૩ નો જવાબ નકારમાં આપવામાં આવેલ છે.

**<u>મુદા નં. ૪</u>**

(૯) આમ, આ કામે વાદીનાં સમગ્ર પુરાવાથી વાદીનાં દાવાની હકીકતો પુરવાર થાય છે. તેમજ વાદીનાં સમગ્ર પુરાવાથી પ્રતિવાદીએ વાદીનાં ટેન્ડરની શરતો તથા વેચાણ હુકમની શરતો કબુલ રાખી, ડીપોઝીટની રકમ ભરેલ હોવાનું પુરવાર થાય છે. આમ, પ્રતિવાદીએ ભરેલ ટેન્ડર મુજબની શરતોનું પાલન કરવાની જવાબદારી પ્રતિવાદીની છે, તેમછતાં, પ્રતિવાદીએ ટેન્ડરની શરતો મુજબ સમયમર્યાદામાં વાદી નિગમનાં ગોડાઉનમાંથી માલ ઉપાડેલો નહી, જેથી પ્રતિવાદીનાં કારણે વાદીને ઓછા ભાવે માલનું વેચાણ કરવુ પડેલ હોય, વાદીને નુકશાન થયેલ છે. આમ, વાદીનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, પ્રતિવાદીનાં કારણે વાદીને નુકશાન થયેલ છે. તેમજ વાદીનાં સમગ્ર પુરાવાથી વાદીનાં દાવાની હકીકતો પુરવાર થાય છે. આ ઉપરાંત, વાદીનાં પુરાવા મુજબ વાદી નિગમને રૂા.૬,૬૦,૦૦૦/– નું નુકશાન થયેલ છે. તેમજ પ્રતિવાદીનાં કારણે વાદીને નુકશાન થયેલછે. આથી, વાદી નિગમ પ્રતિવાદી પાસેથી ટેન્ડરની શરતો મુજબ વિલંબીત વ્યાજ લેવા હકકદાર છે, તેમજ ગોડાઉન ભાડાની રકમ મળી, વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૭,૫૭,૯૦૦/–ની રકમ વસુલ મેળવવા હકકદાર થાય છે. પરંતુ, ડીપોઝીટની રકમ બાદ કરતા, વાદીનાં પ્રતિવાદી પાસે રૂા.૬,૫૭,૯૦૦/– બાકી પડે છે, તેમજ ૧૦ટકા વ્યાજ ની રકમ મળી કુલ રૂા.૬,૭૯,૧૬૯/– વાદી નિગમ પાસે બાકી પડે છે. આથી, વાદીનાં સમગ્ર પુરાવાથી દાવાની હકીકતો પુરવાર થતી હોય,વાદી દાવા મુજબ પ્રતિવાદી પાસેથી રૂા.૬,૭૯,૧૬૯/– ની રકમ ૬ટકાનાં વ્યાજ સહીત વસુલ મેળવવા હકકદાર થાય છે. જેથી, મુદા નં.૪ નો જવાબ હકારમાં આપી, મુદ્દા નં.૫ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આ ખ રી હુ ક મ</u> ::–**

(૧) વાદીનો હાલનો દાવો આથી ખર્ચ સહિત અશંત: મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી પ્રતિવાદી પાસેથી રૂા.૬,૭૯,૧૬૯/– ની લેણી રકમ વસુલ મેળવવા હકકદાર બનતા હોય, પ્રતિવાદીએ વાદીની લેણી રકમ રૂા.૬,૭૯,૧૬૯/– (અંકે રૂપિયા છ લાખ ઓગણએંસી હજાર એકસો ઓગણસીતેર પુરા) દાવા તારીખથી રકમ વસુલ થતા સુધી ૬ ટકાનાં સાદા વ્યાજ સહીતની રકમ વાદીને ચુકવી આપવી, તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીએ વાદીને ચુકવી આપવો તથા પ્રતિવાદીએ પોતે પોતાનો ખર્ચ ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

ચુકાદો આજ **તારીખ: ૧૩ મી, માહે– નવેમ્બર, સને–૨૦૧૮** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

| | |
|---|---|
| મુ. વડોદરા.<br>તા.૧૩/૧૧/૨૦૧૮. | ( નિલેશ નાનજીભાઈ પાથર )<br>૧૪ માં એડી. સીનીયર સીવીલ જજ ,<br>વડોદરા.<br>કોડ નં.જી.જે.૦૦૮૭૬ |